# " આચાર્ય હેમચંદ્રાચાર્ય અને તેમનું શિષ્યમંડળ "

પટેલ રાકેશકુમાર એસ.

માણસા કસ્તુરબા પ્રા.કન્યાશાળા નં-૧

**પ્રસ્તાવના:-**

'કાલિકાલસર્વજ્ઞ' શ્રીહેમચંદ્રાચાર્યનો યુગ એ ગુજરાતના ઇતિહાસનો સુવર્ણયુગ હતો. દરેક દ્રષ્ટિએ એ કાળમાં ગૂર્જરોની પ્રગતિ અને ઉન્નતિ જોવામાં આવે છે. સિદ્ધરાજ અને કુમારપાલના એ શાસનસમયમાં ગુજરાતના સામ્રાજ્યનો અભૂતપૂર્વ વિસ્તાર થયો; વિદ્યા, વાણિજ્ય, મુત્સદ્દીગીરી એ સર્વ ક્ષેત્રોમાં ગુજરાતનો અને ગુજરાતીઓનો વિકાસ થયો. તે કાળના સ્થાપત્યનાં ઘણાં ઓછાં અવશેષો આજે આપણને જોવા મળે છે. પરંતુ જે જોવા મળે છે તે ઉપરથી તથા પ્રચીન ગ્રંથોમાંનાં વર્ણનો ઉપરથી એ પ્રાસાદો, મહાલયો અને દેવમંદિરોની ઝાંખી આપણા મન:ચક્ષુને થઇ શકે છે. ગુજરાતની વાણિજ્ય વિષયક જાહોજલાલીના પરદેશી મૂસાફરોએ કરેલા સંખ્યાબંધ વર્ણનો પ્રાપ્ત થાય છે, પણ આજે સમગ્ર ભારતના વ્યાપાર-ઉદ્યોગમાં ગુજરાતીઓનું સ્થાન એ જ માત્ર એ કાળનો જે વારસો આપણે ભોગવી રહ્યા છીએ તેની કલ્પના કરાવવાને બસ થશે. એ કાળની અહિંસામાં નવી પ્રાપ્ત થયેલી સાત્વિક સિદ્ધિનું જોમ હતું. અનેક જૈન મંત્રીઓ, અમાત્યો અને સેનાપતિઓને, કુમારપાલ જેવા પરમાર્હત રાજા અને હેમચંદ્રાચાર્ય જેવા વિરક્ત સંન્યાસીને પણ જૈન સિદ્ધાંતોએ પ્રવૃત્તિવિમુખ બનાવ્યા નહોતા.[૧]

ભૂતકાળમાં નજર ફેંકતા સિદ્ધરાજ-કુમારપાલના રાજ્યકાળમાં અસામાન્ય દીપ્તિ જણાય છે. એ દીપ્તિ જાણે કે હેમચંદ્રનાં શાન્ત પ્રતિભાવાન નયનોમાંથી બહાર પડી રહી છે. એમાં વિદ્યા, સંસ્કારિતા અને સર્વધર્મ સમભાવનું અદ્દભુત ઓજસ્ છે. હેમચંદ્રે આખા એક દેશની પ્રજાના જીવનનું અને તેની વિચારભૂમિકાનું પાસું ફેરવી નાખ્યું એમ કહીએ તો ખોટું નથી. કુમારપાલપ્રતિબોધ અને તેના પરિણામરૂપ અમારિઘોષણા-એની સજ્જડ છાપ આજના ગુજરાત પર નથી એમ કોણ કહી શકશે ?[૨] સોલંકીઓનો ઇતિહાસ જાણવા માટે હેમચંદ્રાચાર્ય અને તેમના શિષ્યો દ્વારા લખાયેલા સાહિત્યોને નજર અંદાજ કરી શકાય તેમ નથી.

**હેમચંદ્રાચાર્યસૂરિ (ઇ.સ.૧૦૮૯-ઇ.સ.૧૧૭૩):-**

આચાર્ય હેમચંદ્રસૂરિનો સમય ગુજરાતના સાહિત્યના પ્રાચીન ઇતિહાસમાં સુવર્ણયુગ સમાન છે. હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજ અને કુમારપાલનાં સમયનાં વિદ્વાનોમાં મહત્વનું સ્થાન ધરાવતા હતા. એમનું મૂળ નામ ચંગ હતું. તેઓ ધંધુકાના મોઢ વણિક ચાચને ત્યાં સં. ૧૧૪૫ (ઇ.સ.૧૦૮૯)માં પાહિનીની

કૂખે જન્મયા હતા. ચાંદ્રકુલના આચાર્ય દેવચંદ્રસૂરિએ ખંભાતમાં સં. ૧૧૫૦ (ઇ.સ.૧૦૯૪)માં ચાંગદેવને દીક્ષા આપીને એમનું નામ સોમચંદ્ર પાડ્યું હતું. યોગ્યતા પ્રાપ્ત થતા તેમને સં. ૧૧૬૬ (ઇ.સ.૧૧૧૦)માં સૂરિ-પદવી આપવામાં આવી અને એમણે હેમચંદ્રસૂરિના નામથી ખ્યાતિ મેળવી.[૩] આચાર્ય પદ પ્રાપ્ત થતા સોમચંદ્રનું હેમચંદ્રાસૂરિ એ નામ રાખવામાં આવ્યું. હેમચંદ્રસૂરિએ પછી ખંભાતથી પાટણ તરફ વિહાર કર્યો. રાજા સિદ્ધરાજની અને હેમચંદ્રસૂરિની મુલાકાત બજારમાં થઈ. ત્યારથી જ રાજાને એમની વિદ્વત્તા તરફ ઘણો આદર ઊપજ્યો.[૪]

આચાર્ય હેમચંદ્રએ વિદ્વાન દેવબોધને એમની વિષમ પરિસ્થિતિમાં સક્રિય સહાય કરી હતી. સિદ્ધરાજ જયસિંહ હેમચંદ્રસૂરિને સાથે લઈને સૌરાષ્ટ્રની યાત્રાએ ગયા પછી તેમણે પ્રભાસમાં રાજાની સાથે સોમનાથનું દર્શન કરી પરમાત્મસ્વરૂપે તેમની સ્તુતિ કરી.[૫] અહીં આચાર્ય હેમચંદ્રસૂરિની જૈનાચાર્ય હોવા છતા પણ સર્વધર્મ સદ્દભાવના નજરે ચઢે છે.

સં. ૧૧૯૯ (ઇ.સ.૧૧૪૩)માં સિદ્ધરાજ જયસિંહ પરલોકવાસી થયા પછી કુમારપાલ ગાદીએ આવ્યા, એ પહેલાં કુમારપાલ વિષમ દશામાં હતા, ત્યારથી આચાર્ય હેમચંદ્રને એમના તરફ વિશેષ ભાવ હતો. રાજા કુમારપાલની હેમચંદ્રસૂરિ ઉપર અનન્ય શ્રદ્ધા હતી. તે હેમચંદ્રનું વચન કોઇ કાળે લોપતા ન હતા.[૬] આચાર્ય હેમચંદ્ર સં. ૧૨૨૯ (ઇ.સ.૧૧૭૩)માં સ્વર્ગસ્થ થયા. એમણે ૮૪ વર્ષના ગાળામાં વિદ્યા, કલા અને ધર્મ-સંસ્કૃતિનાં અભૂતપૂર્વ કાર્ય કર્યાં હતા.[૭]

**હેમચંદ્રાચાર્ય એક સાહિત્યકાર તરીકે:-**

આચાર્ય હેમચંદ્રે બે દિશામાં કામ કર્યું: એક તો રાજાને પ્રતિબોધ આપીને જૈન ધર્મોના અને જૈન સિદ્ધાંતોનો દેશભરમાં પ્રચાર કરાવ્યો અને બીજું સર્વાંગીય સાહિત્ય રચીને કેવળ જૈન સમાજનું નહિ, પણ સમગ્ર ગુજરાતનું મુખ ઉજવળ બનાવ્યું. સિદ્ધરાજ જયસિંહે માળવાને જીતીને ધારાનગરમાંથી ભોજરાજાનો પુસ્તક ભંડાર પાટણમાં લાવ્યા પછી, પોતાને ત્યાં પણ એવા ગ્રંથભંડારો કરાવવા અને ભોજવ્યાકરણ જેવા નવા ગ્રંથો રચાવી એમનોપ્રસાર કરાવવા વિચાર કર્યો. પછી વિદ્વાનોની સલાહથી રાજાએ એ કાર્ય હેમચંદ્રાચાર્યને સોંપ્યું અને એમને જોઈતી તમામ જરૂરી સામગ્રી મંગાવી આપી.[૮] આ બાબત જ એ સ્પષ્ટ કરે છે કે આચાર્ય હેમચંદ્રાચાર્ય એ ખરેખર એ યુગના વિદ્વાન વ્યક્તિ હતા. એક સાહિત્યાચાર્ય તરીકે હેમચંદ્રનું સ્થાન ભારતના ઇતિહાસમાં અજોડ છે. માળવા અને ગુજરાતની રાજકીય સ્પર્ધામાંથી સાંસ્કારિક સ્પર્ધા જન્મી અને એ સ્પર્ધાનું પરીણામ તે સિદ્ધરાજની વિનંતી પરથી હેમચંદ્રાચાર્યએ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામનું વ્યાકરણ રચ્યું.

હેમચંદ્રાચાર્યની સર્વતોમુખી પ્રતિભા માત્ર વ્યાકરણ લખીને અટકી નથી. 'અભિધાનચિંતામણી,' 'અનેકાર્થસંગ્રહ,' 'નિઘંટુકોશ,' 'દેશીનામમાલા,' જેવા શબ્દકોશ, 'સિદ્ધહેમ,' 'લિંગાનુશાસન,' 'ધાતુપારાયણ,' જેવાં વ્યાકરણ ગ્રંથ, 'કાવ્યાનુશાસન,' જેવો અલંકાર ગ્રંથ, 'છંદોનુશાસન,' જેવું છંદ

શાસ્ત્ર, સંસ્કૃત અને પ્રાકૃત ‘દ્વયાશ્રય,’ ઇતિહાસકાવ્યો તથા ‘સપ્તસંધાન,’ જેવાં કાવ્યો, ‘પ્રમાણમીમાંસા,’ બે ‘દ્વાત્રિંશકાઓ,’ અને ‘યોગશાસ્ત્ર,’ જેવાં ગહન શાસ્ત્રીય ગ્રંથો અને ‘ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર,’ ‘પરિશિષ્ટપર્વ.’ જેવાં કવિત્વયુક્ત પુરાણ ચરિત્રો ઇત્યાદિ અનેક વિષય પરના તેમના ગ્રંથો, ડૉ. પિટર્સને આશ્ચર્યની ઊભરાતી લાગણીઓ સાથે આપેલું “જ્ઞાનનો મહાસાગર” (Ocean of Knowledge) એ વિશેષણ સાર્થક ઠરાવે છે. સોમપ્રભસૂરિએ ‘શતાર્થીકાવ્યની’ ટીકામાં લખ્યું છે –

क्लृप्तं व्याकरणं नवं विरचितं छन्दो नवं द्व्याश्रयाऽ-
लंकारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम् ।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं
बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः ॥

(જેણે નવું વ્યાકરણ, નવું છંદ:શાસ્ત્ર, નવું દ્વયાશ્રય, નવું અલંકાર શાસ્ત્ર, નવું તર્કશાસ્ત્ર, અને નવા જિનચરિતો રચેલ છે તેણે(હેમચંદ્રે) આમ કરીને કયી કયી રીતે આપણો મોહ દૂર કર્યો નથી ?- અર્થાત સર્વ રીતે કર્યો છે.)[૯] આમ એમણે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય ભાષાઓના અધ્યયનમાં અમૂલ્ય પ્રદાન કર્યું છે. આથી આવા બહુશ્રુત વિદ્વાન ‘કાલિકાલસર્વજ્ઞ’ તરીકે ખ્યાતિ પામ્યા.[૧૦]

**શિષ્યમંડળ:-**

આવા પ્રભાવશાળી પુરુષની આસપાસ વિદ્યાપ્રેમી શિષ્યોનું મંડળ જામે એ તદ્દ્ન સ્વાભાવિક છે. આવા પુરુષો શિષ્યમંડળ વિશાળ બનાવવા પરત્વે ઉદાસિન હોય છે. વહેતી ગંગામાંથી જેમ જે કોઇ ને ગરજ હોય તે ખોબો ભરી લે તેમ જેને જ્ઞાન પિપાસા હોય છે તેઓ જ અહીં એકત્રિત થાય છે. હેમચંદ્રે શિષ્યોની સંખ્યા વધારવાનો કદિ પણ પ્રયત્ન કર્યો હોય એમ જણાતું નથી, અને તેમના જે શિષ્યો વિષે આજે આપણને કઈ પણ જાણવા મળે છે તેઓ સારા વિદ્વાનો અને સાહિત્યકારો હતા, તેથી ઉપરના કથનને પુષ્ટિ મળે છે. તેમના શિષ્યો પૈકી રામચંદ્રસૂરિની ખ્યાતિ હિન્દભરના વિદ્વાનોમાં પ્રસરેલી હતી અને તે કાળના વિદ્વાનોમાં તેમનું સ્થાન માત્ર હેમચંદ્રથી બીજૂ હતું.[૧૧] રામચંદ્રસૂરિ હેમચંદ્રાચાર્યના પટ્ટ શિષ્ય હતા.[૧૨] આ ઉપરાંત ગુણચંદ્ર, મહેન્દ્રસૂરિ, વર્ધમાનગણિ, દેવચંદ્ર મુનિ, યશશ્ચંદ્ર, બાલચંદ્ર વગેરે અનેક વિદ્વાન સાહિત્યકારો હતા. ગુજરાતમાં રચાયેલા પ્રાચીન સાહિત્યમાં હેમચંદ્રાચાર્ય અને એમના શિષ્યમંડળે કરેલું પ્રદાન વિપુલતા અને વિવિધતામાં ગણનાપાત્ર છે.[૧૩] અહીં આ સર્વે શિષ્યો વિશેની માહિતી આપવાનો યથાશક્ય પ્રયાસ કરેલો છે.

**આચાર્ય રામચંદ્રસૂરિ:-**

આચાર્ય રામચંદ્રસૂરિ શીઘ્રકવિ હતા. સિદ્ધરાજ જયસિંહે એમનું શીઘ્રકવિત્વ જોઈને એમને ‘કવિકટારમલ્લ’ની પદવીથી નવાજ્યા હતા.[૧૪] આ મહાકવિ રામચંદ્ર કયાંના વતની હતા, કઈ જ્ઞાતિના હતા, તેમના માતા-પિતાનું નામ શું ? વગેરે વિશે કઈ પણ હકીકત મળતી નથી. તેમણે રચેલ ‘નલવિલાસ’ નાટકના સંપાદક લાલચંદ્ર ગાંધીના અનુમાન પ્રમાણે, રામચંદ્રનો જન્મ સં. ૧૧૪૫માં થયો હતો, જયારે ‘નાટ્યદર્પણ’નાં સંપાદક શ્રી ગોન્દેકરેરામચંદ્રનો જન્મ સં. ૧૧૫૬માં માન્યો છે. તેમણે દીક્ષા સં. ૧૧૫૦માં લીધી હતી, સં. ૧૧૬૬માં સૂરિપદ મેળવ્યું હતું, સં. ૧૨૨૯માં હેમચંદ્રાચાર્યના પટ્ટધર થયા હતા અને સં. ૧૨૩૦માં તેમનું મરણ થયું હતું.[૧૫] તેમના જન્મ સંબંધિત કોઇ ચોક્કસ માહિતી મળતી નથી.

મહાકવિ શ્રીપાલે રચેલી સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિ અનેક વિદ્વાનોએ સંમાન્ય કરી ત્યારે રામચંદ્રસૂરિએ એમાંથી બે દૂષણ બતાવ્યાં હતાં. તેઓ ખૂબ સ્વતંત્ર માનસ ધરાવતા હતા. એમણે અનેક ગ્રંથો રચી પોતાની શબ્દશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્ર તેમજ સાહિત્યશાસ્ત્ર સંબંધી પ્રતિભા બતાવી છે. ગુજરાતના નાટ્યલેખકોએ રચેલા ૨૨ નાટકો પૈકી અડધા જેટલા રામચંદ્રસૂરિએ રચ્યાં છે. બધા ગ્રંથોમાં ‘નાટ્યદર્પણ’ નામક કૃતિમાં એમની બહુશ્રુતતાનાં દર્શન થાય છે. એમા એમણે ૪૪ નાટકોના અવતરણ આપ્યાં છે. આ ઉપરાંત એમાં એમણે ‘રસ’નું લક્ષણ અને અભિનેતાની નાટ્યવિભાવના વિશે નવીન મૌલિક મત દર્શાવ્યો છે. એમની ખ્યાતિ ‘પ્રબંધશત’ના કર્તા તરીકે જાણીતી છે, પણ આજે એમના ગ્રંથ સો ની સંખ્યામાં ઉપલબ્ધ નથી. એમણે રચેલી કૃતિઓ આટલી જાણવા મળે છે: ૧.નલવિલાસનાટક, ૨.કૌમુદીમિત્રાણંદપ્રકરણ, ૩.મલ્લિકામકરંદપ્રકરણ, ૪.સત્યહરિશ્ચંદ્ર નાટક, ૫.રાઘવાભ્યુદય નાટક, ૬.યાદવાભ્યુદય નાટક, ૭.રઘુવિલાસનાટક, ૮.રોહિણીમૃગાંક પ્રકરણ, ૯.વનમાલા નાટિકામ, ૧૦.નિર્ભયભીમ વ્યાયોગ, ૧૧.યદુવિલાસ નાટક, ૧૨.સુધાકલશ, ૧૩.દ્રવ્યાલંકાર સ્વોપજ્ઞવૃત્તિ સહ(ગુણચંદ્રસૂરિ સાથે), ૧૪.નાટ્યદર્પણ સ્વોપજ્ઞવૃત્તિ સહ(ગુણચંદ્રસૂરિ સાથે), ૧૫.હેમબૃહન્ન્યાસ. ઉપરાંત કેટલાક સ્ત્રોત અને સો શ્લોકનું કુમારવિહારશતક નામે એક ખંડ કાવ્ય મોટા છંદમાં રચ્યું છે. આમા કુમારપાલ રાજાએ બંધાવેલા પાર્શ્વનાથ-જિનાલયનું કાવ્યમય શોભાભર્યું ચિત્રાત્મક વર્ણન કર્યું છે. એમાંથી તત્કાલીન શિલ્પસ્થાપત્યની કેટલીયે હકીકતો જાણવા મળે છે. તેઓ પોતાની કવિતા વિશે આત્મવિશ્વાસ પ્રગટ કરતા કહે છે:

प्रबन्धा इक्षुवत् प्रायो हीयमानरसाः क्रमात् ।
कृतिस्तु रामचन्द्रस्य सर्वा स्वादुः पुरः पुरः ॥
—કૌમુદીમિત્રાણંદઃ શ્લોક ૪ [૧૬]

**ગુણચંદ્ર:-**

રામચંદ્રના ગુરૂભાઈ અને તેમની સાહિત્ય પ્રવૃત્તિઓમાં અનેક પ્રકારે સહાય કરનાર ગુણચંદ્ર વિશે લગભગ કઈ જ જાણવામાં આવતું નથી. પ્રાપ્ત સાધનો પરથી માત્ર અનુમાનો ખેંચવાના રહે છે. ગુણચંદ્રનો એકે સ્વતંત્ર ગ્રંથ અત્યાર સુધી જાણવામાં આવેલો નથી. રામચંદ્રને 'નાટ્યદર્પણ' એ નાટ્યશાસ્ત્રનો અને 'દ્રવ્યાલંકાર' એ પ્રમાણશાસ્ત્રનો ગ્રંથ લખવામાં ગુણચંદ્રે સહાય કરી હતી એ સુપ્રસિદ્ધ છે. એ બન્ને ગ્રંથોની વૃત્તિઓ પણ તેંમણે સાથે જ લખેલી હતી. 'શતાર્થીકાવ્ય'ના કર્તા સોમપ્રભસૂરિએ સં. ૧૨૪૧માં પાટણમાં હેમચંદ્રે કુમારપાલને કરેલા ઉપદેશના વિષય પર 'કુમારપાલપ્રતિબોધ' એ વિશાળ ગ્રંથ પ્રાકૃત ભાષામાં રચ્યો હતો. હેમચંદ્રાચાર્યના ત્રણ શિષ્યો ગુણચંદ્ર, મહેન્દ્રમુનિ અને વર્ધમાનગણિએ તે ગ્રંથ સાદ્યંત સાંભળ્યો હતો, એવો ઉલ્લેખ તેની પ્રશસ્તિમાંથી મળે છે.[૧૭]

**મહેન્દ્રસૂરિ:-**

આચાર્ય હેમચંદ્રસૂરિના શિષ્ય મહેન્દ્રસૂરિએ ગુરૂએ રચેલા 'અનેકાર્થસંગ્રહ' નામના કોશ ગ્રંથ પર 'અનેકાર્થકૈરવકૌમુદી' નામની ટીકા સં. ૧૨૧૪ (ઈ.સ.૧૧૫૮)માં રચી છે. આ ટીકા હેમચંદ્રાચાર્ય પોતે લખવા માંગતા હતા, પરંતુ તે પહેલા એમનું અવસાન થયું. આથી એમના શિષ્ય મહેન્દ્રસૂરિએ ગુરૂએ જે કઈ કહેલું તે પરથી ટીકા રચી.[૧૮] મહેન્દ્રસૂરિની બીજી કોઈ કૃતિ જાણવામાં નથી.[૧૯]

**વર્ધમાનગણિ:-**

કુમારપાલે બંધાવેલા 'કુમારવિહાર' ની પ્રશસ્તિરૂપ કુમારવિહાર પ્રશસ્તિકાવ્ય પર વ્યાખ્યા લખીને વર્ધમાનગણિએ એ કાવ્યના ૧૧૬ અર્થ કરી બતાવ્યા હતા. એ વ્યાખ્યાના અંતે તેમણે લખ્યું છે કે અગાઉ આ કાવ્યના છ અર્થ કરવામાં આવેલા છે, પરંતુ મેં કુતૂહલથી તેના ૧૧૬ અર્થ કર્યા છે. આ વસ્તુ વર્ધમાનગણિના અદ્દભૂત પાંડિત્ય પર પ્રકાશ પાડે છે.[૨૦]

**દેવચંદ્રસૂરિ:-**

આચાર્ય હેમચંદ્રસૂરિના શિષ્ય દેવચંદ્રસૂરિએ સં. ૧૨૦૭ (ઇ.સ.૧૧૫૧)ના અરસામાં 'ચંદ્રલેખાવિજ્યપ્રકરણ' નાટકની રચના કરી જે પાટણમાં અજિતનાથના જિનાલયમાં વસંતોત્સવ પ્રસંગે ભજવાયું હતું.આ સૂરિએ 'માનમુદ્રાભંજન' નાટક પણ રચ્યું હોય એમ જણાય છે. એમણે લખેલી 'વિલાસવતી'નાટિકા અપૂર્ણ સ્થિતિમાં મળે છે.[૨૧]

**ઉદયચંદ્ર:-**

ઉદયચંદ્રે લખેલો એક પણ ગ્રંથ હજી સુધી બહાર આવેલો નથી. પરંતુ તેમના ઉપદેશથી એક કરતા વધુ ગ્રંથો લખાયાની નોંધ મળે છે. તેઓ સારા વિદ્વાન હતા.[૨૨] ‘પ્રબંધચિંતામણિ’માં કુમારપાલ પ્રબંધ અંતર્ગત ઉદયચંદ્રપ્રબંધમાં જણાવેલું છે કે- “એક વખત શ્રી કુમારપાલ રાજા આગળ શ્રી યોગશાસ્ત્રનું વ્યાખ્યાન થતું હતું, ત્યારે પંદર કર્માદાનની વ્યાખ્યામાં **दंतकेशनखास्थित्वकरोम्णां ग्रहणमाकरे** એ શ્લોક આવ્યો. તેમાં શ્રી હેમચંદ્રાચાર્યના મૂળ પાઠને સુધારીને બહુવચનનું એકવચન કરીને **रोम्णां** ને બદલે **रोम्णो** એ રીતે પં. ઉદયચંદ્રે વારંવાર વાચ્યું ત્યારે શ્રી હેમચંદ્રાચાર્યે ફેરફાર કરવાનું કારણ પૂછયું અને તેમણે પ્રાણીઓના અંગો અને વાદિંત્રો માટે એકવચન દ્વંદ્વસમાસમાં વ્યાકરણ સિદ્ધ છે એમ વ્યાકરણસૂત્રથી દર્શાવ્યું એટલે શ્રી હેમચંદ્રાચાર્યે, રાજાએ તથા બીજાઓએ તેની પ્રશંસા કરી.”[૨૩]

ઉદયચંદ્રના ઉપદેશથી દેવેન્દ્રે ‘સિદ્ધહેમબૃહ્દવૃતિ’ ઉપર ‘કતિચિદ્દુર્ગપદવ્યાખ્યા’ નામની ટીકા તથા ‘ઉપમિતિપ્રપંચકથાસારોદ્ધાર’ એ ગ્રંથો લખ્યા હતા, તથા ચંદ્રગચ્છના દેવેન્દ્રસૂરિના શિષ્ય કનકપ્રભે ‘હૈમન્યાસસાર’ નો ઉદ્ધાર કર્યો હતો. હેમબૃહ્દવૃતિ પર વ્યાખ્યા લખનાર દેવેન્દ્રને ડૉ.બુલ્હરે ઉદયચંદ્રના શિષ્ય માન્યા છે.[૨૪]

**યશશ્ચંદ્ર:-**

યશશ્ચંદ્રનો લખેલો કોઈ પણ ગ્રંથ હજુ સુધી મળેલ નથી.[૨૫] પણ પ્રબંધોમાં એમના વિશેના ઉલ્લેખા અનેક વાર આવે છે તે ઉપરથી કહી શકાય કે તેઓ ઘણા વખતથી હેમચંદ્રાચાર્યની સાથે રહેતા હશે. ‘પ્રબંધચિંતામણિ’માં બે સ્થળે તેમનો ઉલ્લેખ મળે છે, “ એક વાર દેવતાપૂજનના સમયે હેમચંદ્ર કુમારપાલના મહેલમાં પહોચ્યાં ત્યારે યશશ્ચંદ્ર તેમની સાથે હતા. ”[૨૬] બીજા સ્થળે એમ જણાવ્યું છે કે, “આંબડ મહેતાએ ભરૂચમાં પોતાના પિતાના કલ્યાણ અર્થે શકુનિકાવિહાર બંધાવ્યો હતો, તેની ઉપર ધજા ચઢાવવાના ઉત્સવ પ્રસંગે નૃત્ય કરતાં મિથ્યાત્વિઓની દેવીના દોષમાં આવી જવાના કારણે આખર સ્થિતિએ પહોંચી ગયા હતા, તેનું નિવારણ કરવા માટે હેમચંદ્ર તથા યશશ્ચંદ્ર પાટણથી ભરૂચ આવ્યા હતા અને દોષનું નિવારણ કરી પાછા પાટણ ગયા હતા.”[૨૭] આ ઉપરાંત પ્રભાચંદ્રસૂરિના ‘પ્રભાવકચરિત’માં તથા જિનમંડનગણિના ‘કુમારપાલપ્રબંધ’માં પણ યશશ્ચંદ્રનો નામોલ્લેખ મળે છે.[૨૮] જે પરથી એવું માની શકાય કે આ યશશ્ચંદ્રએ હેમચંદ્રાચાર્યના શિષ્ય હતા.

**બાલચંદ્રસૂરિ:-**

આચાર્ય હેમચંદ્રના શિષ્ય બાલચંદ્રસૂરિએ ‘સ્નાતસ્યા’ નામક સ્તુતિની રચના કરેલી છે. એમણે આચાર્ય રામચંદ્ર સાથે વિરોધી વલણ બતાવ્યું હતું.[૨૯] આ વિશે પ્રબંધકોશકાર જણાવે છે કે- રામચંદ્રના

અવસાન પછી આ તો પોતાના ગોત્રની જ હત્યા કરાવનાર છે એમ કહીને બ્રાહ્મણોએ બાલચંદ્રને રાજા અજયપાલના મનમાંથી ઉતારી નાખ્યા હતા. આથી લજ્જા પામી બાલચંદ્ર માળવા તરફ ચાલ્યા ગયા હતા અને ત્યાજ તેમનું અવસાન થયું હતું.[30]

**ઉપસંહાર:-**

આમ, 'કાલિકાલસર્વજ્ઞ' શ્રીહેમચંદ્રાચાર્યનો યુગ એ ગુજરાતના ઇતિહાસનો સુવર્ણયુગ હતો. દરેક દ્રષ્ટિએ એ કાળમાં ગૂર્જરોની પ્રગતિ અને ઉન્નતિ જોવામાં આવે છે. સિદ્ધરાજ અને કુમારપાલના એ શાસનસમયમાં ગુજરાતના સામ્રાજ્યનો અભૂતપૂર્વ વિસ્તાર થયો; વિદ્યા, વાણિજ્ય, મુત્સદ્દીગીરી એ સર્વ ક્ષેત્રોમાં ગુજરાતનો અને ગુજરાતીઓનો વિકાસ થયો. તે કાળના સ્થાપત્યનાં ઘણાં ઓછાં અવશેષો આજે આપણને જોવા મળે છે. પરંતુ જે જોવા મળે છે તે ઉપરથી તથા પ્રચીન ગ્રંથોમાંનાં વર્ણનો ઉપરથી એ પ્રાસાદો, મહાલયો અને દેવમંદિરોની ઝાંખી આપણા મન:ચક્ષુને થઇ શકે છે. જયારે આપણે ભારતીય સાહિત્યમાં ગુજરાતે આપેલા ફાળાની વિચારણા કરવા બેસીએ ત્યારે આ સર્વ વિદ્વાનોની સાહિત્ય પ્રવૃત્તિ લક્ષામાં લેવી પડે તેમ છે. હેમચન્દ્રની અગાધ વિદ્વતાનો વારસો એ સર્વ શિષ્યોમાં આપણે જોઈ શકીએ છીએ.

**-:પાદનોંધ:-**

૧.સાંડેસરા ભોગીલાલ જ., "ઇતિહાસની કેડી", પ્રથમ આવૃત્તિ, પદ્મજા પ્રકાશન, મુંબઈ, ૧૯૪૫, પેજ- ૨૫

૨.એજન પેજ- ૨૫,૨૬

૩.પરીખ રસિકલાલ છોટાલાલ,(અન્ય.સંપા.) "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૪", દ્વિતીય આવૃત્તિ, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, ૨૦૦૫ પેજ- ૨૮૮.

૪.શાહ નીલાંજના સુબોધ, "સોલંકી કાલનું સાહિત્ય", પ્રથમ આવૃત્તિ, ગુ.યુનિ.પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૭, પેજ- ૧૭.

૫.એજન પેજ- ૧૭.

૬.એજન પેજ- ૧૭.

૭.પરીખ રસિકલાલ છો.,પૂર્વોક્ત પેજ- ૨૮૮.

૮.શાહ નીલાંજના.,પૂર્વોક્ત પેજ- ૧૭.

૯.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૨૬.

૧૦.શાહ નીલાંજના.,પૂર્વોક્ત પેજ- ૧૮.

૧૧.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૨૭.

૧૨.આચાર્ય ન.આ, "ગુજરાતનો સોલંકી કાલીન ઈતિહાસ", પ્રથમ આવૃત્તિ, યુનિ.ગ્રંથ.નિ.બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩, પેજ- ૩૩૧.

૧૩.શાહ નીલાંજના.,પૂર્વોક્ત પેજ- ૧૮.

૧૪.પરીખ રસિકલાલ છો.,પૂર્વોક્ત પેજ- ૨૮૮.

૧૫.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૨૭,૨૮.

૧૬.પરીખ રસિકલાલ છો.,પૂર્વોક્ત પેજ- ૨૮૮,૨૮૯.

૧૭.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૪૨,૪૩.

૧૮.શાહ નીલાંજના.,પૂર્વોક્ત પેજ- ૨૬.

૧૯.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૪૪.

૨૦.એજન પેજ- ૪૪.

૨૧.શાહ નીલાંજના.,પૂર્વોક્ત પેજ- ૨૬.

૨૨.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૪૬.

૨૩. શાસ્ત્રી દુર્ગાશંકર કે.,"પ્રબંધચિંતામણી", (અનુ.) મેરુતુંગાચાર્ય, પ્રથમ આવૃત્તિ, ફાર્બસ ગુ.સભા, મુંબઈ, ૧૯૩૪, પેજ- ૧૯૧.

૨૪.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૪૬,૪૭.

૨૫.એજન પેજ- ૪૮.

૨૬. શાસ્ત્રી દુર્ગાશંકર કે.,મેરુતુંગાચાર્ય, અનુ. પૂર્વોક્ત પેજ- ૧૭૫.

૨૭.એજન પેજ- ૧૮૬.

૨૮.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૪૮.

૨૯.પરીખ રસિકલાલ છો.,પૂર્વોક્ત પેજ- ૩૦૭.

૩૦.સાંડેસરા ભોગીલાલ જ.,પૂર્વોક્ત પેજ- ૪૯.